રુજુ થયા તારીખ -03/08/2023
રેજીસ્ટરે લીધા તારીખ -03/08/2023
ફેસલ કર્યા તારીખ -03/08/2023
અવધી – ... વર્ષ.... માસ.... દિવસ

**સાગબારા ના જ્યુડી મેજી ( ફ.ક) સાહેબ ની કોર્ટ મા**

ફોજદારી કેસ નં. 993/2023

આંક–

ફરિયાદી – શ્રી સરકાર

વિરુધ્ધ

આરોપી – સતીષકુમાર છત્રસીંગભાઈ વસાવા

**ગુન્હો** – જુગાર ધારાની કલમ ૧૨ અ મુજબ

**– ચુકાદો –**

૧. ફરિયાદપક્ષ ના કેસ ની ટુકી હકીકત અેવી છે કે, આરોપી સામે જુગાર ધારાની કલમ ૧૨–અ મુજબના શિક્ષાને પાત્ર ગુન્હા અંગે ઈન્સાફી કાર્યવાહી કરવા અંગે પોલીસ દ્વારા ચાર્જશીટ કોર્ટ સમક્ષ રજુ કરવા મા આવી છે.

૨. આરોપી કોર્ટ રુબરુ હાજર થતા તેઅો ને પોલીસ પેપર્સ ની નકલ મફત આપ્યા ની ખાત્રી કરેલ છે. ચાર્જશીટ સાથે રજુ ફરીયાદ નીવેદનો તથા પંચનામાં ધ્યાને લેતા જુગાર ધારાની કલમ ૧૨–અ ના તત્વો જણાઈ આવતા ન હોય આરોપી સામે જુગાર ધારાની કલમ ૧૨ મુજબના ગુનાના તત્વો ફલિત થતા હોય આંક–૧ લગત હુકમ કરી હાલનો કેસ જુગાર ધારાની કલમ ૧૨ મુજબ આગળ ચલાવવામાં આવેલ છે.

૩. આરોપી વિરુધ્ધ ચાર્જ ફ્રેમ કરી/પ્લી રેકર્ડ કરતા ગુન્હો કબુલ હોવા નુ જણાવે છે અને ગુના ની કબુલાત પુરશીસ આપી તેઅો નો પ્રથમ ગુનો હોવા નુ તથા ગરીબ બાલ બચ્ચા વાળા માણસ હોવાનુ જણાવે છે અને ભવિષ્ય મા આવી કે આવા પ્રકાર નો ગુનો ન કરવા ની કોર્ટ ને બાહેદરી

અને ખાતરી આપે છે. આરોપી ને સજા અંગે ની જોગવાઇઅો ની સમજ આપવા મા આવેલ છે. ત્યારે બાદ પણ આરોપી સદર ગુનો કુબલ કરતા હોય આરોપી ની કબુલાત સ્વેછીક જણાય છે. ઉપરાંત કેસ ના સંજોગો ધ્યાને લેતા તથા જુગાર ધારાની કલમ ૧૨ ધ્યાને લેતા આરોપી ને અોછી સજા કરવી ન્યયોચિત જણાય છે તેથી તમામ સંજોગો દયાને લેતા ન્યાય ના હિત મા નીચે મુજબ હુકમ કરવા મા આવે છે.

**હુકમ**

- આ કામ ના આરોપી ને ક્રિ. કોડ ની કલમ ૨૫૨ મુજબ **જુગાર ધારાની કલમ ૧૨ અ મુજબના** ગુન્હા મા તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધી ની સજા તથા રુ. 300/-( રુપિયા ત્રણસો પુરા ) નો દંડ અને દંડ ની રકમ ન ભરે તો દિન ૧૦ ની સાદી કેદ ની સજા ફરમાવવા મા આવે છે.

- મુદદામાલ રોકડ રકમ સરકાર હસ્તક ખાલસા કરવાનો હુકમ કરવામાં આવે છે તથા જુગારને લગતુ મુદદામાલનો અપીલ સમય વીત્યે નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

- આરોપી ના જામીન ૬ માસ સુધૂ ચાલુ રાખવા નો હુકમ કરવા મા આવે છે.

તા.03-08-2023

સાગબારા

( અેલ આઈ ઇંગલે)

જ્યુડી મેજી. ફ.ક.

સાગબારા